# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય

## આણંદ કૃષિ યુનિવર્સિટી,

## આણંદ – ૩૮૮૦૦૧

**વિદ્યાર્થી સંઘ પરિષદ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આકૃયુ, દ્વારા વ્યાવસાયિક નિર્ભરતા અંગેનાં માર્ગદર્શનનું પ્રવચન યોજાયું.**

આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય ખાતે વિદ્યાર્થી સંઘ પરિષદ દ્વારા વ્યાવસાયિક નિર્ભરતા અંગેનાં માર્ગદર્શનનું નવમાં સત્રનાં સ્નાતક વિદ્યાર્થીઓ માટે વૈજ્ઞાનિક પ્રવચન તા. ૩૦/૦૭/૨૦૧૮ નાં અશ્વિની સેમિનાર હોલ ખાતે આયોજીત થયેલ હતું. અધ્યક્ષ સ્થાને બિરાજેલ મહાવિદ્યાલયનાં ડીનશ્રી દ્વારા આમંત્રિત બંને વૈજ્ઞાનિક પ્રવક્તાઓ અને અધિકારીશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યા પછી સ્નાતક વિદ્યાર્થીઓને વ્યાવસાયિક પગરણનાં પ્રથમ ચરણે પ્રવેશતાં પહેલાં પશુચિકિત્સક તરીકેની વિવિધ તકો અંગે, આવા પ્રવચન થકી પ્રેરણા મેળવવા જણાવેલ હતું. એબી વિસ્ટાનાં ટેકનીકલ સેલ્સ મેનેજર-વેસ્ટ ઈન્ડિયાનાં પ્રથમ પ્રવક્તા ડો. ધનંજય રેખી દ્વારા પશુચિકિત્સા અને પશુપાલન ક્ષેત્રે વ્યાવસાયિક નિર્ભરતાની દેશ એવં વિદેશમાં ઉપલબ્ધ તકોની વિશદ છણાવટ વિવિધ ઉદાહરણો સાથે કરેલ હતી. તેમનાં સાથે પધારેલ અન્ય આમંત્રિત, શ્રી વિજયભાઈ સરદાના ઇન્ટરનેશનલ માર્કેટ એનાલીસ્ટ ઇન ડેરી એન્ડ એગ્રીકલ્ચર કોમોડીટીએ એગ્રી એવં ડેરી ક્ષેત્રે પશુચિકિત્સકોની વિવિધ વ્યાવસાયિક તકોની સાથે, આ ક્ષેત્રે પણ પશુચિકિત્સકો પોતાનાં જ્ઞાનનું વ્યાવસાયિક પ્રદાન કરી વ્યાવસાયિક સ્વનિર્ભરતા કઈ રીતે મેળવી શકે તેનું બૃહદ માર્ગદર્શન પૂરૂં પાડેલ હતું. સમગ્ર પ્રવચનનું સંચાલન ડો. એસ.કે. રાવલ, પ્રાધ્યાપક અને વડા મેડીસીન દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રવચનોનાં અંતે વિદ્યાર્થી સંઘ પરિષદનાં આ મહાવિદ્યાલયનાં નિયામકશ્રી ડો. જે.બી. નાયકે ઉપસ્થિત ડીનશ્રી, વૈજ્ઞાનિકો અને અધિકારીશ્રીઓ અને સ્નાતક વિદ્યાર્થીઓનો આભાર માની પૂર્ણાહુતિ કરેલ હતી.

 

વિદ્યાર્થી સંઘ પરિષદ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આકૃયુ, દ્વારા વ્યાવસાયિક નિર્ભરતા અંગેનાં માર્ગદર્શનનું પ્રવચન યોજાયું.

***